# પરિક્રમા બાદ એકત્ર થયો ટનબંધ કચરો



દર વર્ષે ગિરનાર પરિક્રમામાં સાતથી આઠ લાખ લોકો ઉમટી પડે છે. ભાવિકો જંગલની અંદર પાણીની બોટલ, પાણીના પાઉચ, પ્લાસ્ટીકની થેલીઓ સહિતનો કચરો જ્યાં ત્યાં ફેંકી દે છે. ત્યારે પર્યાવરણને નુકશાન ન થાય તે હેતુથી દર વર્ષે વાઈલ્ડ લાઈફ કન્ઝર્વેશન ટ્રસ્ટ રાજકોટ, વનવિભાગ જૂનાગઢ, ભાવનાબેન ચીખલિયા ફાઉન્ડેશન જૂનાગઢ, સ્વચ્છ યુવા વિકાસ મંડળ જૂનાગઢ દ્વારા પરિક્રમાના રૂટમાં ત્રણ સ્થળે સ્ટોલ ઉભા કરી યાત્રિકો પાસેથી પ્લાસ્ટીકની કોથળી લઈને કાગળની બેગ, પસ્તી અને વોવન બેગનું વિનામૂલ્યે વિતરણ કરાયું હતું. તેને કારણે એક ટન જેટલો પ્લાસ્ટીકનો કચરો એકત્ર થતો અટકયો હતો. એકત્ર પ્લાસ્ટીકના કચરાને જૂનાગઢ મહાનગરપાલિકાના સહયોગથી નિકાલ કરાયો હતો.

**PHULCHAB NEWS**